# સઉદીની ક્લબ માટે રમવાના રોનાલ્ડોને અધધધ વર્ષના ૧૭૩૦ કરોડ રૂપિયા મળશે



મૈડ્રિડ, તા.૬
માન્ચેસ્ટર યુનાઈટેડ છોડનાર ૩૭ વર્ષીય ફૂટબોલ સ્ટાર ક્રિસ્ટિયાનો રોનાલ્ડોને સઉદી અરબની એક ક્લબ સાથે જોડાવા બદલ ૨૧ કરોડ ડૉલરના વાર્ષિક વેતન આપવાની ઓફર કરવામાં આવી છે. કોન્ટ્રાક્ટની આ રકમ વર્ષ ૨૦૨૨માં કોઈપણ સૌથી વધારે વેતન મેળવનારા એથ્લીટોના વેતનથી બેવડી છે. સ્પેનની વેબસાઈટ માર્કોએ દાવો કર્યો છે કે, ૩૭ વર્ષના રોનાલ્ડોને ભારતીય કરન્સી પ્રમાણે ૧૭૩૦ કરોડ રૂપિયામાં યુએઈની ક્લબ સાથે ડીલ સાઈન કરી છે. બોક્સર કૈનેલો અક્વારેઝને વાર્ષિક ૮.૪૦ કરોડ અને એનએફએલ ક્વાર્ટરબેક મૈથ્યુ સ્ટૈફોર્ડને વાર્કિષ ૭.૨ કરોડ રૂપિયા કમાણી છે. સઉદી પ્રો લીગ (એસપીએલ)ની વિશ્વની ટોચની ફૂટબોલ લીગોમાં ગણતરી થતી નથી પણ અલ નાસર કથિત રીતે રોનાલ્ડોને પોતાની સાથે જોડનારી ટીમ સઉદી અરબની સૌથી સફળ ક્લબોમાંથી એક છે. તે નવ પ્રીમિયર લીગ ટાઈટલ, ૬ કિંગ્સ કપ, ત્રણ ક્રાઉન પ્રિન્સ કપ, ત્રણ ફેડરેશન કપ અને બે સઉદી સુપર કપ જીતી. આ ટીમ હાલ લીગમાં બીજા સ્થાને છે. આ ક્લબ સઉદીની રાજધાની રિયાધમાં સ્થિત છે.

અનેક ક્લબોએ જો કે, રોનાલ્ડોને સાઈન કરવામાં રસ દાખવ્યો છે. તે ૮૧૯ ગોલ સાથે ટોપ સ્કોરિંગ આંતરરાષ્ટ્રીય ખેલાડી છે અને પાંચ વખત ચેમ્પિયન લીગ વિજેતા છે. આ ફૂટબોલ સ્ટારે હજુ સુધી કથિત પ્રસ્તાવનું સમર્થન કર્યું છે. જેવા જ આ સમાચાર ફેલાયા કે રોનાલ્ડોને અલ નાસર માટે રમવાનો પ્રસ્તાવ મળી શકે છે. તેની ફૂટબોલ મેનેજમેન્ટ ફર્નાડો સૈંટોસ સાથે ઘર્ષણ થવાની પણ સૂચના છે. માન્ચેસ્ટર યુનાઈટેડ સાથે રોનાલ્ડોનો કોન્ટ્રાક્ટ ગત મહિને સમાપ્ત થઈ ગયો હતો. જ્યારે ફૂટબોલ સ્ટારે પિયર્સ મોર્ગન સાથે એક ઈન્ટરવ્યૂમાં ક્લબની જાહેરમાં ટીકા કરી હતી.

## બ્રાઝિલ ક્વાર્ટર ફાઈનલમાં ક્રોએશિયા સામે ટકરાશે

# દક્ષિણ કોરિયાને ૪-૧થી હરાવી બ્રાઝિલ ક્વાર્ટર ફાઈનલમાં પહોંચ્યું



દોહા, તા.૬
ઈજા બાદ પુનરાગમન કરી રહેલો નેમાર પુરી રીતે ફીટ દેખાયો અને તેના ગોલથી બ્રાઝિલે દ.કોરિયાને ૪-૧થી હરાવી ફિફા વિશ્વકપની ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ કર્યો છે. નેમારે પેનલ્ટીને ગોલમાં ફેરવી આ ગોલ સાથે તે બ્રાઝિલ તરફથી હાઈએસ્ટ ગોલ કરનાર પેલેના રેકોર્ડની નજીક પહોંચી ગયો છે. નેમાર રાષ્ટ્રીય ટીમ તરફથી ૭૬ ગોલ કરી ચૂક્યો છે અને તે પેલેના રેકોર્ડથી ફક્ત એક ગોલ પાછળ છે. પેલે હાલ સાઓ પાઉલો હોસ્પિટલમાં સારવાર કરાવી રહ્યા છે. નેમાર ઉપરાંત બ્રાઝિલ તરફથી અન્ય ગોલ વિનિસિયસ જુનિયર (સાતમી મિનિટ), રિચાર્લિસન (૨૯મી મિનિટ) અને લુકાસ પેકવેટા (૩૬મી મિનિટ)એ ગોલ કર્યા. બ્રાઝિલ તરફથી ચારેય ગોલ

## નેમારનું સફળ પુનરાગમન પેલેના રેકોર્ડની નજીક પહોંચ્યો

પ્રથમ હાફમાં થયા. કોરિયા તરફથી એક માત્ર ગોલ પેક સેયુંગ-હો-એ ૭૬મી મિનિટમાં કર્યો. નેમારે મેચ બાદ કહ્યું કે હું ખૂબ જ ડરી ગયો હતો. આવી ઈજા બાદ પુનરાગમન કરવું મુશ્કેલ હોય છે. હું આખી રાત રડી રહ્યો હતો. મારા પરિવારને ખબર છે કે હું કઈ પરિસ્થિતિમાંથી પસાર થઈ રહ્યો છું. પણ અંતમાં બધું બરાબર રહ્યું છે. ફિઝિયોથેરાપી કરાવવી સફળ રહી. પેલે શ્વાસના ઈન્ફેક્શનની સારવાર કરાવી રહ્યા છે. જે કોરોનાના કારણે વધી ગયું છે. તેમની તબિયતને લઈ બ્રાઝિલ સહિત વિશ્વભરના પ્રશંસકો ચિંતિત છે. મેચ બાદ નેમારે આ મહાન ફૂટબોલ ખેલાડીની તસવીરવાળું બેનર મેદાન પર લાવ્યા જેના પર પેલે લખેલું હતું. ત્યારબાદ પૂરી ટીમે આ બેનર પાછળ ઊભા રહી તસવીર ખેંચાવી હતી. બ્રાઝિલની ટીમ હવે ક્વાર્ટર ફાઈનલમાં ક્રોએશિયા સામે ટકરાશે. ક્રોએશિયાએ પ્રી ક્વાર્ટર ફાઈનલમાં નિયમિત અને વધારાના સમયમાં મુકાબલો ૧-૧થી ડ્રો રહ્યા બાદ જાપાનને પેનલ્ટી શૂટઆઉટમાં ૩-૧થી હરાવ્યું છે.

### કુર્આનની નસીહત

તે અમારા સમૂહમાંથી નથી જે નાના લોકો પ્રત્યે દયાભાવ, માનસન્માન ન જાળવે.

### હદીસ બોધ

ખરાબ સાથીદાર કરતાં એકલતા સારી.
(હદીસ બોધ)

### આજની આરસી

૭ ડિસેમ્બર બુધવાર ૨૦૨૨
૧૨ જમાદિલઅવ્વલહિજરી ૧૪૪૪
માગસર સુદ ચૌદસ સંવત ૨૦૭૯
સુબ્હ સાદિક ૫-૪૮
ખત્મે ઝવાલ ૧૨-૩૧
તુલૂએઆફતાબ (સૂર્યોદય) ૭-૦૭
ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) ૫-૫૪

### બોધ વચન

પ્રેમ એ ત્યાં સુધી પ્રેમ નથી, જ્યાં સુધી તે બીજાને આપી ન દેવાય.
- એરિક

### અગત્યની સૂચના

આ અખબારમાં જરૂરિયાતને અનુલક્ષીને ધાર્મિક શબ્દોનો ઉલ્લેખ, ફોટો કેટલીકવાર છાપવા પડે છે, જે વાચકમિત્રોના ધ્યાને આવે તો તેની તેમણે ખાસ હિફાઝત કરવી. -વ્યવસ્થાપક

# દીપિકા પાદુકોણ ફિફા વિશ્વકપ ફાઈનલમાં ટ્રોફીનું અનાવરણ કરશે



નવી દિલ્હી, તા.૬
બોલીવૂડ અભિનેત્રી દીપિકા પાદુકોણ જલ્દી ભારતની પ્રથમ સેલિબ્રિટી બની જશે જે ફિફા વિશ્વકપ ફાઈનલ દરમ્યાન ટ્રોફીનું અનાવરણ કરશે. સૂત્રોનું કહેવું છે કે

## ફિફાના ઈતિહાસમાં કોઈપણ ભારતીય અથવા આંતરરાષ્ટ્રીય અભિનેતા માટે આ વિશેષ સન્માન હશે

દીપિકા ટૂંક સમયમાં જ સૌથી વધારે જોવાતા ફિફા વિશ્વકપનો હિસ્સો બનવા માટે કતાર રવાના થશે. આ ફિફાના ઈતિહાસમાં કોઈપણ ભારતીય અથવા આંતરરાષ્ટ્રીય અભિનેતા માટે વિશેષ સન્માન હશે. દીપિકા પ્રતિષ્ઠિત કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યા બાદ જ્યુરી સભ્ય બની હતી. તેને ગોલ્ડન રેશિયો ઓફ બ્યુટીએ વિશ્વની ટોપ ૧૦ સૌથી સુંદર મહિલાઓની યાદીમાં સામેલ કરી હતી. દીપિકા પાદુકોણ અનેક મોટી બ્રાન્ડસ જેવી કે લુઈસ વુઈટન, કાર્ટિયર, લેવિસ અને એડીડાસ માટે પણ વૈશ્વિક ચહેરો છે.

# ભારતનું ક્રિકેટ હવે નીચલા સ્તરે જઈ રહ્યું છે : દાનિશ કનેરિયાનો બફાટ



નવી દિલ્હી, તા.૬
ઢાકામાં રમાયેલી પ્રથમ વન-ડેમાં ભારતને બાંગ્લાદેશ વિરૂદ્ધ એક વિકેટે પરાજયનો સામનો કરવો પડ્યો. આ હાર બાદ પાકિસ્તાનના પૂર્વ ક્રિકેટર દાનિશ કનેરિયાએ ભારતીય ટીમ પર સવાલ ઉઠાવતા કહ્યું કે ભારતનું ક્રિકેટ હવે નીચલા

## ભારતીય ટીમ રિષભ પંતને રમાડવા માંગે છે પણ સંજુ સેમસનને નહીં

સ્તરે જઈ રહ્યું છે.

કનેરિયાએ કહ્યું કે ભારતીય ક્રિકેટ ટીમમાં આ બધું થઈ રહ્યું છે. કારણ કે જે રીતે ભારત ક્રિકેટ રમી રહ્યું છે તેમનું સ્તર ઝડપથી નીચે પડી રહ્યું છે. બાંગ્લાદેશ ટીમ તરફથી મેહદીહસને અંતમાં રન બનાવી ટીમને વિજય અપાવ્યો. તેણે ભારતને એ બતાવી દીધું કે તમે મોટી વસ્તુઓની વાતો કરી શકો છો પણ રમતી વખતે આને કરી શકતા નથી. ભારતીય ટીમે પોતાની બેટિંગ દરમ્યાન ૧૦ ઓવર એમ જ બરબાદ કરી દીધી. ભારતીય ટીમ રિષભ પંતને રમાડવા માંગે છે પણ સંજુ સેમસનને રમાડવા માંગતી નથી. ભારતીય ટીમ સંજુને એક અથવા બે મેચમાં જ રમાડશે. જેથી ટીકાકારોના મોં બંધ કરી શકાય. કનેરિયાએ કહ્યું કે સંજુ સેમસન આખરે કેટલું સહન કરી શકે. તે પહેલા

## અંદરની રાજનીતિએ ભારતીય ક્રિકેટને પૂરી રીતે સમાપ્ત કરી દીધું : કનેરિયા

જ ઘણું સહન કરી ચૂક્યો છે. તેને જ્યારે પણ ટીમમાં તક મળે છે તેણે શાનદાર પ્રદર્શન કર્યું છે. ભારત જો એક સારા ખેલાડીને નથી તક આપી શકતું તો ટીમમાં તેની અસર પડશે. બધા લોકો ઈચ્છે છે કે સંજુને ટીમમાં તક મળવી જોઈએ.

પાકિસ્તાનના પૂર્વ ક્રિકેટરે કહ્યું કે ભારતીય ટીમે અંબાતી રાયડુ સાથે પણ કંઈક આવું જ કર્યું જેવું સંજુ સેમસન સાથે થઈ રહ્યું છે. તેણે કહ્યું કે રાયડુની આંતરરાષ્ટ્રીય કારકિર્દી કંઈક આવી રીતે જ સમાપ્ત થઈ ગઈ. તેણે ભારત માટે ઘણા રન બનાવ્યા પણ તેમ છતાં પણ તેને ટીકાઓનો સામનો કરવો પડ્યો. તેની પાછળ બીસીસીઆઈ અને પસંદગી સમિતિ હતી. અંદરની રાજનીતિએ ભારતીય ક્રિકેટને પૂરી રીતે સમાપ્ત કરી દીધું અને તે તેજ ખેલાડીને રમાડે છે જેને તે રમાડવા માંગે છે.


## ગુજરાત ટુડે ટચુકડી જાહેર ખબર

### વેચવાનું છે

**વેચવાના છે**
ગોદરેજ ગાર્ડન સિટીમાં 2 & 3 BHK ફ્લેટસ કોલ અથવા વ્હોટસએપ કરો
9978688307

**ચાલુ બિઝનેસ વેચવાનો છે**
Rooster Fast Food Resto- Fully Eqve. Fully Furnished મશીનરી સાથે
7622060322
8490952554

**શેડ વેચવાનો છે**
200 વાર, તેજેન્દ્ર ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ (જૂની નિરમા) ગરીબ નગર ચાર રસ્તા, રિલાયન્સ પેટ્રોલ પંપની સામે, બાપુનગર
Mo.7016667068
8160050992

**ચાલુ બિઝનેસ વેચવાનો છે**
Rooster Fast Food Resto- Fully Eqve. Fully Furnished મશીનરી સાથે
7622060322
8490952554

### મકાન અને જમીન ભાડે-વેચાણ

**દુકાન ભાડે આપવાની છે**
ફક્ત ફૂટવેર માટે જ ત્રણ દરવાજા-ફીશ માર્કેટની સામે
9409209868

**જોઈએ છે**
બાગે મુજતબામાં અથવા જૂનું મકાન, પ્લોટ ટાઈટલમાં જુહાપુરા
9825052687

**પ્લોટસ ખરીદો**
ધોલેરા ખાતે રેસિડેન્શિયલ, કોમર્શિયલ, ઈન્ડસ્ટ્રિયલ વધુ વિગત માટે સંપર્ક
9978688307

### વ્યવસાયીલક્ષી/અન્ય

મારૂં નામ રોશનબાનુ મોહમદરફીક મેમણથી બદલી રોશન મોહમદરિયાન મેમણ રાખેલ છે. ૮/૩, રવીન્દ્ર પાર્ક, ગવર્નમેન્ટ ગોડાઉન સામે, દાણીલીમડા, અમદાવાદ.

મારૂં નામ સબીહાબાનુ મોહમ્મદ આરીફ શેખથી બદલી રાઠોડ સબીહાસુલતાના મુહમ્મદ આરીફ રાખેલ છે. ૨૨, મનસુરી સોસાયટી, એપીએમસી માર્કેટ પાછળ, સરખેજ રોડ, અમદાવાદ .

મારૂં નામ શેખ એજાજ રફીકભાઈ હતું. તે બદલીને શેખ મોહંમદ એજાજ મોહંમદ રફીક કરાવેલ છે. સરનામું : ૭૮૬/૩, બિસ્મિલ્લાહ નગર, સૈયદવાડી, વટવા, અમદાવાદ.

### લગ્ન વિષયક

**લગ્ન વિષયક**
કાઝી સુન્ની સૈયદ BHMS DR. યુવતી ઉંમર ૨૩ માટે વેલ એજ્યુકેટેડ સુન્ની સૈયદ યુવકના વાલીઓ સંપર્ક કરો. 9925526994
9825723132

### અગત્યની સૂચના

લગ્ન વિષયકની તેમજ અન્ય કોઈપણ યોજનાની જાહેરખબર માં વિજ્ઞાપન દાતાએ આપેલી માહિતી ઉપર વિશ્વાસ મૂકતાં પહેલા વાચકે પૂરતી ચકાસણી કરી લેવી. જેની ખાસ નોંધ લેવી. - વ્યવસ્થાપક


# ભારત માટે 'કરો યા મરો'નો જંગ બાંગ્લાદેશ સામે આજે બીજી વન-ડે

મીરપુર, તા.૬
ભારતીય ટીમ બાંગ્લાદેશ વિરૂદ્ધ ત્રણ મેચોની સીરીઝની બીજી વન-ડેમાં બુધવારે અહિંયા મેદાનમાં ઉતરશે તો આ 'કરો યા મરો'ના જંગમાં તેને મોટા ખેલાડીઓ પાસે સારા પ્રદર્શનની આશા હશે. બાંગ્લાદેશે લક્ષ્યાંકનો પીછો કરતાં સીરીઝની પ્રથમ મેચમાં અંતિમ વિકેટ માટે ૫૦થી વધુ રનની અણનમ ભાગીદારી કરી શાનદાર વિજય મેળવ્યો ભારતીય બોલર પૂછડીયા બેટ્સમેનોને આઉટ કરવામાં નિષ્ફળ ગયા પણ ટીમને તેનાથી વધારે નિરાશ ટોચના ક્રમના દિગ્ગજ બેટ્સમેનો કર્યા ભારતીય ટીમે છેલ્લીવાર ૨૦૧૫માં બાંગ્લાદેશમાં દ્વિપક્ષીય સીરીઝ રમી હતી. જ્યારે ધોનીના નેતૃત્વમાં ટીમ ત્રણ મેચોની સીરીઝ ૧-૨થી હારી ગઈ હતી અને એકમાત્ર જીત ત્રીજી મેચમાં મળી હતી. વન-ડે વિશ્વકપમાં હજુ પણ ૧૦ મહિના બાકી છે પણ હજુ સુધી એ સ્પષ્ટ નથી કે ભારતીય ટીમનો દૃષ્ટિકોણ શું હશે. ભારતીય ટીમ છેલ્લા કેટલાક સમયથી નિડર થઈને બેટીંગ કરવાની વાત કરી રહી છે પણ આ યોજનાને ઓછી મેચોમાં અજમાવવામાં આવી છે. મીરપુરની પિચ બેટીંગ માટે સારી ન હતી પણ એ એટલી ખરાબ પણ નહતી કે એમાં ફક્ત ૧૮૬ રન બને આ સીરીઝ માટે શુભમન ગિલ અને સંજુ સેમસન જેવા યુવા ખેલાડીઓને આરામ આપવાનો તત્કાલીન પસંદગી સમિતિનો નિર્ણય ચોંકાવનારો રહ્યો છે.


## BHANDERI INFRACON LIMITED

**Regd. Office :** B/12, Jabuka Complex, Nr. Bajrang Ashram,Below Vikas School, Nh-8, Thakkarbapanagar, Ahmedabad -382350 (**CIN No.** L45201GJ2004PLC044481)

**EXTRACT OF UNAUDITED CONSOLIDATED FINANCIAL RESULTS FOR THE HALF YEAR ENDED 30TH SEPTEMBER, 2022**

PART I (Rs. in Lacs)

| SR. NO. | PARTICULARS | Half Year Ended | | | Year Ended |
|---|---|---|---|---|---|
| | | Unaudited | Audited | Unaudited | Audited |
| | | 30.09.2022 | 31.03.2022 | 30.09.2021 | 31.03.2022 |
| 1 | Total Income from Operation | 65.00 | 578.11 | 65.64 | 643.75 |
| 2 | Net Profit for the Period (before Tax, Exceptional Items and / or Extraordinary Items) | (31.84) | 43.48 | (3.79) | 39.69 |
| 3 | Net Profit / (Loss) for the Period (before Tax but after Exceptional Items and / or Extraordinary Items) | (31.84) | 43.48 | (3.79) | 39.69 |
| 4 | Net Profit / ( Loss) for the period after tax | (34.54) | 37.54 | (3.79) | 33.75 |
| 5 | Minority Interest | 1.01 | 2.62 | (0.08) | 2.54 |
| 6 | Paid-up Equity Share Capital (Face Value Rs.10/-) | 259.66 | 259.66 | 259.66 | 259.66 |
| 7 | Earning per share (of Rs. 10/- each) (not annualised) | | | | |
| | a) Basic | (1.37) | 1.34 | (0.14) | 1.20 |
| | b) Diluted | (1.37) | 1.34 | (0.14) | 1.20 |

**Notes :**
1. The above Un- Audited results were reviewed by the Audit Committee and approved by the Board of Directors in their meeting held on 5th December 2022 by the Auditors of the company, in accordance with SEBI (Listing Obligations and Disclosure Requirement) Regulations, 2015.
2. The Statutory Auditors of the Company have issued un modified report.
3. Key data relating to standalone unaudited financial results of Bhanderi Infracon Limited is as under:

| SR. NO. | PARTICULARS | Half Year Ended | | | Year Ended |
|---|---|---|---|---|---|
| | | Unaudited | Audited | Unaudited | Audited |
| | | 30.09.2022 | 31.03.2022 | 30.09.2021 | 31.03.2022 |
| 1 | Total Income from Operation | 65.00 | 500.31 | 65.64 | 565.95 |
| 2 | Profit from ordinary activities before tax | (35.90) | 32.63 | (3.48) | 29.15 |
| 3 | Tax expenses /(Credit) | 2.70 | 5.57 | - | 5.57 |
| 4 | Net profit after tax | (38.60) | 27.06 | (3.48) | 23.58 |

4. The above is an extract of the detailed format of half yearly results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing Obligation and Disclosure Requirements) Regulation, 2015. The full format of the half year financial results are available on the Stock Exchanges websites i.e. www.bseindia.com.

**For & on behalf of the Board of Directors**
**Sd/-**
**Sunil Dhirubhai Patel**
Managing Director

Ahemdabad, 05.12.2022


## કૃતિ રાજે ૬ ગોલ્ડ મેડલ જીતી દેશનું નામ રોશન કર્યું

# પિતાએ જમીન ગીરવે મૂકીને દીકરી કૃતિ રાજને મોકલી ઓકલેન્ડ

નવી દિલ્હી, તા.૬ : ન્યુઝીલેન્ડના ઓકલેન્ડમાં ૨૮ અને ૨૯ નવેમ્બરે યોજાયેલી જુનિયર કોમનવેલ્થ ચેમ્પિયનશિપમાં બિહારની રાજધાની પટનાની પુત્રી કૃતિ રાજ સિંહે દેશનું નામ રોશન કર્યું છે. ન્યૂઝીલેન્ડમાં યોજાયેલી સબ-જુનિયર પાવરલિફ્ટિંગ કોમનવેલ્થ ચેમ્પિયનશિપમાં કૃતિએ છ ગોલ્ડ મેડલ જીત્યા છે. તેની જીતથી દેશના સન્માનમાં વધારો થયો છે. આ સ્પર્ધામાં વિજય નોંધાવીને કૃતિ રાજ પટના પહોંચી હતી. આજે જ્યારે કૃતિ રાજ સિંહ મેડલ જીતીને પોતાની ઘરે પરત ફરી ત્યારે તેના પિતાની આંખો ખુશીથી ચમકી ઉઠી હતી. તેનું કહેવું છે કે, તેમણે પોતાની દીકરીને આ ચેમ્પિયનશિપમાં મોકલવા માટે પોતાની જમીન ગીરવે મૂકી હતી. પાંચ બહેનોમાં કૃતિ સૌથી નાની છે. ત્રણ ભાઈઓ ભણી રહ્યા છે. કૃતિએ ૧૦મું ધોરણ ઈન્ફન્ટ જીસસ એકેડમી ખુસરુપુરમાંથી પાસ કર્યું છે. પછી બીડી પબ્લિક કોલેજમાંથી તેણે ઈન્ટરમીડિયેટનો અભ્યાસ કર્યો છે. હાલમાં તે લક્ષ્મીબાઈ નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફિઝિકલ એજ્યુકેશન ગુવાહાટીમાંથી BPEd કરી રહી છે. પટના એરપોર્ટ પર કૃતિના પરિવાર સહિત લોકોની ભારે ભીડ એકઠી થઈ હતી. લોકોએ કૃતિનું ભવ્ય સ્વાગત કર્યું હતું. કૃતિ રાજ એક ખેડૂતની દીકરી છે. પિતા લલન સિંહ અને માતા સુનૈના દેવીએ કૃતિનું મોં મીઠુ કરાવ્યું હતું. આ દરમિયાન કૃતિએ કહ્યું કે, 'મને આશા નહોતી કે હું ૬ ગોલ્ડ મેડલ લાવીશ.' એક ગોલ્ડ મેટલનો તો મને વિશ્વાસ હતો. મને નાનપણથી જ રમતગમતનો શોખ છે. હું જીમમાં જતી હોઉ છું, જ્યાં વેઈટ લિફ્ટિંગ કરવા માટે કરણ કુમારે મને પ્રોત્સાહિત કરી હતી. ત્યારે તેમની દેખરેખ હેઠળ આજે હું આ સ્થાને સુધી પહોંચી છું. કૃતિ રાજ સિંહની સફળતા પાછળ તેના પિતા અને કોચનો મોટો ફાળો રહેલો છે. આ જ કારણ છે કે તે આનો શ્રેય તેના આખા પરિવાર અને તેના કોચ કરણને આપી રહી છે. પિતા લલન સિંહે તેમની પુત્રીને ઓકલેન્ડ મોકલવા માટે તેમનું ખેતર ગીરવે મુક્યું હતું. ત્યારે કૃતિની માતાએ કહ્યું કે, 'તે પોતે ભણેલી નથી, પરંતુ તેણે હંમેશા તેના તમામ પુત્રો અને પુત્રીઓને શિક્ષિત કરવા અને તેમના લક્ષ્યને પૂર્ણ કરવા માટે સંઘર્ષ કર્યો છે.' કૃતિએ તેના માતા-પિતાના સંઘર્ષને એળે નથી જવા દીધો.


**સીક્યોરિટાઈઝેશન એન્ડ રીકન્સટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સીક્યોરિટી ઈન્ટ્રેસ્ટ એક્ટ, 2002 (કાયદો) ની કલમ 13(2) અન્વયે સૂચના**

| ક્ર. નં. | કર્જદાર (રો)ના નામ (ક) | ગીરો મૂકેલી મિલકતની વિગતો (ખ) | એનપીએ તારીખ (ગ) | બાકી રકમ (રૂ.) (ઘ) |
|---|---|---|---|---|
| 1 | લોન એકાઉન્ટ નં. HHLAHA00397428<br>1 .શ્રીધર રાજેન્દ્રકુમાર શાહ<br>2. શાહ મીનાબેન રાજેન્દ્રકુમાર<br>3. ભૂમિકા મનુભાઈ રાઠોડ | ફ્લેટ નં. -G-402, સ્થાપત્ય એલિગન્સ, ચોથો માળ, જીઈબી સબ સ્ટેશન પછી, વિમલ પાર્ક પાસે, નરોડા, અમદાવાદ-382330, ગુજરાત | 15.11.2022 | રૂા.14,41,044.69/-(રૂપિયા ચૌદ લાખ એકતાલીસ હજાર ચુમાલીસ અને ઓગણસીતેર પૈસા માત્ર)15.11.2022 ના રોજ |

આ સાથે જણાવવાનું ઉપરોક્ત નામવાળા ધિરાણ લેનાર (રા) લોન અકાઉન્ટમાં નાણાંકીય શિસ્ત જાળવી શક્યા નથી અને કંપનીના કામકાજના સામાન્ય શિરસ્તા મુજબ હિસાબના જે ચોપડા તૈયાર કરાય છે તે મુજબ દરેક ધિરાણ લેનાર (રા) ના નામની સામે કોલમ (ઘ) માં દર્શાવાયેલ રકમ બાકી નીકળે છે.
ધિરાણ લેનાર (રા) લોનની રકમની પુન: ચુકવણીની બાબતમાં સતત કસુરવાર ઠરતા રહેતા હોવાથી કંપનીએ નિર્ધારિત નિયમો હેઠળ ધિરાણ લેનાર (રા) ના લોન એકાઉન્ટને નોન પરફોર્મિંગ એસેટ (કોલમ ગ માં દર્શાવેલ તારીખ પ્રમાણે) તરીકે વર્ગીકૃત કર્યા છે. ધારાની કલમ 13(2) હેઠળ દરેક ધિરાણ લેનારને સતત (નોટિસો) પણ મોકલવામાં આવી છે.
ઉપરોક્ત બાબતના સંદર્ભમાં આ નોટિસ છપાયાની તારીખથી 60 દિવસમાં આજ દિવસ સુધીના વ્યાજ , ખર્ચ અને બાકી રકમ કોલમ (ઘ) માં દર્શાવ્યા મુજબ ચાર્જીસ સહિત કોલમ (ઘ) માં દાર્શાવાયેલ બાકી નીકળતી સમગ્ર રકમ ભરી દઈ પોતાની સંપૂર્ણ જવાબદારી પૂર્ણ કરવા કંપની તેને/તેણીને એલાન કરે છે. જો તેમ નહી થાય તો કોલમ (ખ) માં જણાવેલ ગિરો મૂકાયેલ અસ્કયામતનો કબજો લેવા કંપની હકદાર રહેશે તેમ જ કંપની કાયદો હેઠળ ઉપલબ્ધ અન્ય પગલાં પણ લઈ શકશે.
કૃપા કરીને નોંધ લેશો કે સરફેસી એક્ટની કલમ 13ની પેટા કલમ (8) ની જોગવાઈઓના સંદર્ભમાં, ''કર્જદાર બાકી નીકળતી સંપૂર્ણ રકમ સીક્યોર્ડ ક્રેડિટર દ્વારા થયેલ બધીજ લાગતો, ચાર્જીસ અને ખર્ચા સહિત સીક્યોર્ડ એસેટ્સના પબ્લિક ઓક્શન, ક્વોટેશનો મંગાવીને, પબ્લિક પાસેથી અથવા પ્રાયવેટ ટ્રીટી થી ટેન્ડર મંગાવીને કરાતા વેચાણની સૂચના પ્રકાશિત થયાની તારીખ સુધી જ વટાવી શકશે, વધુમાં, એ પણ નોંધ લેશો કે જો કર્જદાર ઉપર જણાવેલ કાયદેસર સૂચિત સમય સીમાની અંદર સીક્યોર્ડ એસેટ્સ વટાવવામાં નિષ્ફળ જશે તો કર્જદાર પ્રોપર્ટી (મિલકત) વટાવવા હકદાર ન પણ રહે.
સરફેસી કાયદોની કલમ 13 ની પેટા કલમ (13) ની જોગવાઈના સંદર્ભમાં, તમે તેના દ્વારા કોઈ પણ , તેમના વેચાણમાંથી, વેચાણ, ભાડાપટ્ટા અથવા અન્યથા (તેમના વ્યવસાયના સામાન્ય કોર્સ સિવાય) સુરક્ષિત લેણદારની પૂર્વ લેખિત સંમતિ વિના નોટિસ ઉલ્લેખિત સુરક્ષિત સંપતિ ટ્રાન્સફર કરવાથી પ્રતિબંધિત છે.

સ્થળ : અમદાવાદ

સહી/-
ઈન્ડિયાબુલ્સ હાઉસિંગ ફાયનાન્સ લિમિટેડ વતી.
અધિકૃત અધિકારી